

મહાશિવરાત્રીનો મેળો - પાટનગરના પંચદેવ મહાદેવના પ્રાંગણમાં મહાશિવરાત્રીના મેળામાં માનવ મહેરામણ ઉમટ્યો હતો... પરંપરાગત મેળો માણવા ગાંધીનગરની આસપાસના ગ્રામજનો અને શહેરીજનો મોટી સંખ્યામાં ઉમટે છે... સોમવારને મહાશિવરાત્રીના પર્વે ભાવિકો દર્શનનો લાભ લેતા હતા અને સાથો સાથ પરંપરાગત મેળાનો માહોલ પણ માણતા હતા... મેળામાં લાગેલા વિવિધ સ્ટોલ પર નગરજનો ખરીદી કરવા પણ ઉમટી પડ્યા હતા... જોકે મેળો એ યુવાનો માટે મહાલવાનું સ્થળ હોય છે... અને એટલે જ મેળામાં યુવાનો સંખ્યા પણ નોંધપાત્ર જોવા મળી હતી...

# શહેરની પ્રા. શાળામાં ભણતા ૩૭ ટકા બાળકો કુપોષણથી પિડાય છે

**૫૫ બાળકોને હૃદય, ૫ ને કેન્સર, ૪ ને થેલેસેમીયા, ૨૦ બાળકોને કીડનીની બિમારી જોવા મળી**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરની પ્રા. શાળાઓમાં ભણતા બાળકો પૈકી ૩૭ ટકા જેટલા બાળકો કુપોષણથી પિડાઈ રહ્યા છે.

શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત આ ચૌંકાવનારી હકીકત બહાર આવવા પામી છે. શહેરની વિવિધ શાળાઓમાં ભણતા બાળકો પૈકી ૨૩,૫૯૧ બાળકો પાંડુરોગ અને આંત્રકૃમિની બિમારીથી પિડાતા જણાયા છે.

તાજેતરમાં સંપન્ન થયેલ આરોગ્ય વિભાગના આ અતિ મહત્વાકાંક્ષી કાર્યક્રમના ચૌંકાવનારા તારણોએ સૌને ચોંકાવી દીધા છે. શહેરમાં ૫૫ બાળકોને હૃદયરોગની, ૨૦ બાળકોને કિડનીની, ૫ બાળકોને કેન્સરની, ૪ બાળકોને થેલેસેમીયાની ગંભીર બિમારી જણાઈ છે.

મળતી વિગતો પ્રમાણે બદલાતી જીવનશૈલીનો પડઘો આ શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં પડવા પામ્યો છે. ૮૪ બાળકોને ગંભીર બિમારી જણાઈ હોવા ઉપરાંત ૧ બાળકને ક્લબફૂટ, ૧ બાળકને ક્લેફટસીપ, અને ૧ બાળકને કોકલીયર ઈમ્પ્લાન્ટની પણ સારવાર માટે સંદર્ભ સેવામાં રિફર કરાયેલ છે.

શહેરની વિવિધ શાળાઓમાં ભણતા ૬૩,૪૯૮ બાળકોના આરોગ્યની તપાસ આરોગ્યતંત્ર દ્વારા કરવામાં આવી હતી. જેમાં ૩૬,૭૯૧ બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી.

આ ચકાસણી દરમ્યાન ૧૪,૧૬૫ બાળકોને દાંતની તકલીફ, ૨૨૮૨ બાળકોને આંખની તકલીફ, ૨૮૯ બાળકોને કાન-નાક ગળાની તકલીફ, ૧૮૨ બાળકોને પેટની તકલીફ, ૧૩૬૦ બાળકોને ચામડીના રોગ, ૨૮૯૯ બાળકોને શ્વસનતંત્રની બિમારી, ૭ બાળકોને ચેતાતંત્રની બિમારી, ૬ બાળકોને અસ્થિતંત્રની બિમારી,

● અનુસંધાન પાના ૭ પર

# આજે ૨૦થી વધુ જિલ્લાઓમાં ચૂંટણીને લઈ તંત્રની કામગીરીની સમીક્ષા કરાશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર સહિત રાજ્યના ૨૦થી પણ વધુ જિલ્લાઓમાં લોકસભાની ચૂંટણીને લઈ કરવામાં આવી રહેલી તૈયારીઓની સમીક્ષા આજે વિડીયો કોન્ફરન્સ થકી રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ. મુરલી ક્રિષ્ણા અને તેમની ટીમ કરશે.

ગત સપ્તાહે દ. ગુજરાતના ૧૨થી વધુ જિલ્લાઓની સુરત અને વડોદરા ખાતે સમીક્ષા કર્યા બાદ તેઓ આજે અન્ય જિલ્લાઓમાં તંત્રની તૈયારીઓની સમીક્ષા કરશે.

સવારે ૧૧.૩૦ વાગે વિડીયો કોન્ફરન્સથી તેઓ ચૂંટણી માટેના કર્મચારીઓની ડેટા એન્ટ્રી, આગામી ચૂંટણીમાં અમલી બનનાર સિંગલ વિન્ડો સિસ્ટમ તેમજ મતદારયાદી સુધારણા ઝુંબેશ અંગે ખાસ સમીક્ષા કરશે. બીજી તરફ રાષ્ટ્રીય ચૂંટણી પંચ આગામી સપ્તાહમાં રાજ્યની મુલાકાતે આવે તેવી સંભાવનાઓ છે. ચૂંટણી જાહેર થયા પહેલાં અથવા પછી પંચ રાજ્યની મુલાકાતે આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

જોકે રાજ્ય સરકાર દ્વારા પણ જે રીતે કાર્યક્રમો યોજવાની ગતિ વધારી છે તે જોતાં આ સપ્તાહના અંત સુધીમાં ચૂંટણીની વિધિવત્ જાહેરાત ચૂંટણી પંચ કરી શકે છે તેવી વાતો પણ પાટનગરના રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

## આજે પંચાયત મંત્રી ટાઉનહોલમાં નિમણુંક પત્રો એનાયત કરશે

ગાંધીનગર, તા. ૪

આજે ગાંધીનગર ટાઉનહોલ ખાતે પંચાયતની વિવિધ સંવર્ગમાં પસંદગી પામેલ ૭૦૦થી વધુ યુવાનોને નિમણુંકપત્રો પંચાયતમંત્રીના હસ્તે આપવામાં આવશે.

પંચાયત સેવા પસંદગી મંડળ, પંચાયત વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ કાર્યક્રમમાં પંચાયતમંત્રી જયદ્રથસિંહ પરમાર તથા મુખ્ય અતિથિ તરીકે પરબતભાઈ પટેલ ઉપસ્થિત રહેનાર છે.

બોર્ડ દ્વારા વિવિધ સંવર્ગની ભરતી માટે યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થનાર પરીક્ષાર્થીઓને આ નિમણુંક પત્રો એનાયત કરવામાં આવનાર છે.

આ કાર્યક્રમને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે જે તેના અંતિમ તબક્કામાં છે. સવારે નવ વાગે યોજાયેલ આ કાર્યક્રમને આખરી ઓપ અપાઈ ચુક્યો છે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# કોબાની ૨૧ વર્ષીય મહિલા સ્વાઈન ફ્લુમાં સપડાઈ

**ત્રણ દિવસમાં બે કેસ નવા નોંધાયા : કુલ કેસ ૨૬ થયા, પંચાયતની સામાન્યસભામાં તંત્રના આંકડાઓ વિવાદાસ્પદ બન્યા !! તબીબો ફિલ્ડમાં જતા જ નથી : ચાવડા; અધિકારી બેદરકારી દાખવે છે : ચેરમેન આરોગ્ય સમિતિ**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં વધુ એક દર્દીને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવતાં કુલ કેસની સંખ્યા ૨૬ પર પહોંચી છે. જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધતા જતા કેસો અંગે જિલ્લા પંચાયતની ૨જી ફેબ્રુઆરીએ મળેલી સામાન્ય સભામાં પણ ચિંતાની લાગણી સભ્યોએ વ્યક્ત કરી હતી.

મળતી વિગતો પ્રમાણે ૪૧ વર્ષીય મહિલા જે કોબાની રહીશ છે તેને પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

છેલ્લા ત્રણ દિવસમાં બે કેસ સ્વાઈન ફ્લુના પોઝીટીવ નોંધાયા હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં મહિલા દર્દીઓની વધતી સંખ્યા તંત્ર માટે ઘેરી ચિંતાનો વિષય બનેલ છે.

દરમ્યાન ૨જી ફેબ્રુઆરીના રોજ મળેલ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પણ જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધતા જતા કહેરને લઈ સભ્યોએ ચિંતાની લાગણી વ્યક્ત કરી હતી.

ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ તો તબીબી અધિકારીઓ ફિલ્ડમાં ઓછુ જતા હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો તો આરોગ્ય સમિતિના ચેરમેન નરેશજી ઠાકોરે રોગચાળા નિયંત્રણ અધિકારી તેમની ફરજોમાં બેદરકારી દાખવી રહ્યા હોઈ વિભાગમાં પરત મોકલવા જોઈએ તેવી રજુઆત કરી હતી.

કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન અરવિંદસિંહ સોલંકીએ પણ ખાનગી હોસ્પિટલમાં નોંધાતા કેસો અંગે તંત્ર ઉદાસીન હોવાનું જણાવી સર્વેલન્સ સઘન રીતે કરવામાં આવે તેવી રજુઆત કરી હતી.

ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ તો સરકાર દ્વારા રોજેરોજ જારી કરાતા દર્દીઓની સંખ્યા અને પંચાયત વિભાગ દ્વારા જે કેસ દર્શાવાયા છે તેમાં ઘણો મોટો તફાવત હોવાનું જણાવ્યુ હતુ. તેમણે ગ્રામ્ય વિસ્તારમાં ઓ.પી.ડી.માં આરોગ્યના દર્દીઓને યોગ્ય સારવાર ઝડથી મળે તે જોવા આગ્રહ કર્યો હતો. તેમણે પ્રા.આ. કેન્દ્ર પર ૨૪૮૭ સેવાઓ શરૂ કરવામાં આવે તેવી પણ માંગ કરી હતી.

ભાજપના અમરસિંહ ચૌહાણે સ્વાઈન ફ્લુને લઈ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સોલંકીએ જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૨૪ દર્દીઓ નોંધાયા છે. તેમણે સર્વેલન્સની કામગીરી પણ યોગ્ય રીતે થતી હોવાનું જણાવ્યું હતુ.

# ધણપ પ્રા. શાળાના બાળકો સંયમ, પ્રિન્સ અને દિવ્યા એ વૉટર મેનેજમેન્ટ ગુરૂ બન્યા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના ધણપ ગામની પ્રા. શાળાના ત્રણ બાળકો વૉટર મેનેજમેન્ટ ગુરૂ બન્યા છે અને જનસંચય માટે તેઓ વાસ્મો સહિતની સંસ્થાઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

ગાંધીનગરથી ૨૦ કિ.મી.ના અંતરે આવેલ ધણપ ગામની પ્રા. શાળાના ધો. ૭ અને ૮માં ભણતા બાળકો સંયમ, પ્રિન્સ અને દિવ્યા એ વૉટર મેનેજમેન્ટ ગુરૂ બન્યા છે.

ગત વર્ષે જનસંચય અભિયાન દરમ્યાન શાળાઓમાં વૉટર બજેટીંગને લઈ વાસ્મો દ્વારા પરિસંવાદો થકી સમજ આપવામાં આવી હતી. આ બાળકોએ વૉટર બજેટીંગની વાતોને એવી પચાવી જાણી કે તે આજે વૉટર મેનેજમેન્ટ ગુરૂ બની વાસ્મો સહિતની જળસંચયની કામગીરી કરતી સંસ્થાઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

આ ત્રણ બાળકોની મુલાકાતે રાજ્યના અધિકારીઓ આવી રહ્યા છે. આ બાળકોએ વૉટર બજેટીંગને તેમના જીવનમાં જ અમલીકરણ કરવાનો સંકલ્પ કર્યો એટલુ જ નહિ આ દિશામાં તેમણે આગળ વધવાનો પણ સંકલ્પ કર્યો.

ત્રણેય બાળકો શાળામાં પણ બાળકોને પાણીનો વ્યય ન

● અનુસંધાન પાના ૭ પર



# ધોળેશ્વર મહાદેવના દર્શને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી...

પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે મહાશિવરાત્રીના પાવન પર્વે ગાંધીનગરના પાદરે આવેલા પુરાણ પ્રસિદ્ધ ધોળેશ્વર મહાદેવ મંદિરમાં પૂજા-અર્ચના કરી હતી. ગુજરાતની બે દિવસની મુલાકાતે આવેલા પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જામનગર, જાસપુર, વસ્ત્રાલ અને સિવિલ હોસ્પિટલ સંકુલ, અમદાવાદના કાર્યક્રમો પછી ગાંધીનગર પધાર્યાં હતા. આજે મહાશિવરાત્રીના પાવન પર્વે ગાંધીનગર પધારતાં પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ભગવાન શિવજીની પૂજા-અર્ચના કરવા ધોળેશ્વર મહાદેવ મંદિર ગયા હતા. ગાંધીનગરના પાદરે આવેલું ધોળેશ્વર મહાદેવ મંદિર પૌરાણિક છે. શિવપુરાણમાં પણ ધોળેશ્વર મહાદેવ મંદિરનો ઉલ્લેખ હોવાનું મનાય છે. પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ધોળેશ્વર મંદિરમાં મહાદેવના દર્શન-અર્ચન કરીને પુષ્પ-જળાભિષેક કર્યો હતો. પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સાથે મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ પણ ધોળેશ્વર મહાદેવ મંદિરના દર્શને ગયા હતા. ધોળેશ્વર મહાદેવ મંદિરના પૂજારીએ પ્રધાન મંત્રીશ્રીનું શાલ ઓઢાડી સ્વાગત કર્યું હતું. મંદિરના મહંતશ્રી, ટ્રસ્ટીશ્રીઓ અને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાવિક-ભક્તોએ પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ઉષ્માભર્યું અભિવાદન કર્યું હતું.


**વેચવાની છે**

મોકાની દુકાન વેચવાની છે.

શોપ નં. ૨૦૦, સેક્ટર-૨૧, બેન્ક ઓફ બરોડાની લાઈનમાં

મો. ૯૮૨૫૩ ૦૫૨૯૮
મો. ૯૯૨૫૩ ૮૭૦૮૯

**અભિનંદન**



ઠાકોર સમાજના અગ્રણી અને ગાંધીનગર જિલ્લા પંચાયતની કુડાસણ બેઠકના સદસ્ય બેચરજી સવધાનજી ઠાકોરની દીકરી ગાયત્રીબેન ઉર્ફે દીપાબેને બેચલર ઓફ ફિઝીયોથેરાપીની લેવાયેલ પરીક્ષા સારા ગુણાંક સાથે ઉત્તિર્ણ કરી સમાજનું ગૌરવ વધાર્યું છે તે માટે લાખ લાખ અભિનંદન...

ઠાકોર કલ્પેશભાઈ દિનુભાઈ
ઠાકોર જાગૃતિબેન દિનુભાઈ
ઠાકોર સાર્થક દિનુભાઈ
ઠાકોર દિનુભાઈ સોમાજી (સદસ્ય જિલ્લા પંચાયત, ગાંધીનગર)
ઠાકોર વર્ષાબેન દિનુભાઈ
તથા સમસ્ત પરિવાર
ઠાકોર દિનુભાઈ સોમાજી
ગામ : વડોદરા, તા.જી. ગાંધીનગર

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ** ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com